# યુપીએ સરકારની અવધિમાં મોંઘવારી વધી

## સીએસઓ દ્વારા જારી કરાયેલા અહેવાલમાં ધડાકો : છેલ્લા ૯ વર્ષમાં મોંઘવારીની સૌથી વધુ અસર સ્કુલ ફી પર : ગ્રામીણ રિટેલ કિંમતો પર અભ્યાસના આધાર પર આંક જારી : કેરીની કિંમતમાં ૩૨૦ ટકા વધારો

નવી દિલ્હી,તા. ૨૬

છેલ્લા કેટલાક વર્ષોમાં વધતી જતી મોંઘવારીની સૌથી વધુ અસર સમાજના દરેક વર્ગ પર થઈ છે. મોંઘવારીન અસર જીવનના દરેક ક્ષેત્ર પર થઈ રહી છે. પરંતુ કેટલાક ક્ષેત્રોમાં ચીજવસ્તુઓ પરસૌથી માઠી અસર થઈ છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા સીએસઓના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે યુપીએ સરકારની અવધિ દરમિયાન માર્ચ ૨૦૦૪થી માર્ચ ૨૦૧૩ સુધી સ્કુલ ફીમાં ૪૩૩ ટકા સુધીનો નોંધપાત્ર વધારો થયો છે. આ આંકડાને લઈને વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે. રાઈટ ટુ એજ્યુકેસન જેવા મહત્વકાંક્ષી બિલને પાસ કરનાર યુપીએ સરકારના ગાળામાં સ્કુલી ફી પર મોંઘવારીની માર સૌથી વધાર છે. સીએસઓ દ્વારા ગ્રામીણ રીટેલ કિંમતોને ધ્યાનમાં લઈને પોતાના આંકડા જારી કર્યા છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે માર્ચ ૨૦૦૪માં સ્કુલી ફી ૪૮.૭ રૂપિયા પ્રતિ વિદ્યાર્થી હતી. જે માર્ચ ૨૦૧૩માં વધીને પ્રતિ વિદ્યાર્થી ૨૫૯.૬ રૂપિયા થઈ ગઈ છે. છેલ્લા નવ વર્ષમાં સ્કુલી ફી બાદ કિંમતોમાં સૌથી વધારેના મામલામાં કેરી છે. આ ગાળા દરમિયાન કેરીની કિંમતમાં ૩૨૦ ટકાનો વધારો થયો છે. નવ વર્ષ અગાઉ કેરીની કિંમત ૧૬ રૂપિયા પ્રતિ કિલો હતી. જે હવે વધીને સરેરાશ ૬૭ રૂપિયા થઈ છે. આ ગાળા દરમિયાન અન્ય જે ચીજ વસ્તુઓની કિંમતમાં સૌથી વધારે વધારો થયો છે તેમાં ઓરેજનો સમાવેશ થાય છે. તેની કિંમતમાં ૨૭૫ ટકા અને કાળા મર્ચાની કિંમતમાં ૨૩૨ ટકા સુધીનો વધારો થયો છે. અન્ય કેટલીક વસ્તુઓની કિંમતમાં તીવ્ર વધારો થયો છે. માંસની કિંમતમાં ૨૧૦ ટકાનો વધારો થયો છે. મગ દાળની કિંમતમાં ૧૯૦ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.સામાન્ય લોકોની હાલત આના કારણે ખુબ કફોડી બની છે. સ્થિત એવી છે કે સિગારેટની કિંમતમાં ૧૮૮ ટકાનો વધારો થયો છે. આ તમામ આંકડા ગ્રામીણ રીટેલ કિંમત પર આધારિત છે.જેથી શહેરી ક્ષેત્રોમાં આ ગાળા દરમિયાન કિંમતોમાં અંતર હોઈ શકે છે. નવા આંકડા ચૂંટણીના સમયમાં યુપીએ સરકાર માટે તકલીફ ઉભી કરી શકે છે. પોસ્ટ કાર્ડ, ઈનલેન્ડ લેટર્સ અને લોકલ ટ્રેન સેવાની બાબતમાં પણ એવી સ્થિતિ છે જો કે આ તમામ સેવાઓની કિંમતો કેટલાક અંશે સ્થિર રહી છે. એક પુખ્ત વયની વ્યક્તિ માટે લઘુત્તમ રેલ ભાડામાં નવ વર્ષ પહેલા જે સ્થિતિ હતી જેની સરખામણીમાં ઘટાડો થયો છે. આ ગાળા દરમિયાન ઈનલેન્ડ લેટર્સની કિંમતમાં કોઈ વધારો થયો નથી. ૨૦૦૪માં ઈનલેન્ડ લેટર્સની કિંમત ૨.૫૦ રૂપિયા હતી જે માર્ચ ૨૦૧૩માં પણ એટલી જ રહી છે. નવ વર્ષ અગાઉ પોસ્ટ કાર્ડની કિંમત જે હતી તે આજે પણ યથાવત રહી છે.

# મોદીને ટાર્ગેટ બનાવવા માટે યોજના ધરાવતા ૩ ઝડપાયા

## સીમીની ત્રણ કટ્ટરપંથીઓની ધરપકડ : ભોપાલમાં ઝડપાયેલા ત્રણ શખ્સોની પુછપરછ શરૂ થઇ

ભોપાલ,તા. ૨૬

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને



ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાની ખતરનાક યોજના ધરાવતા સીમીના ત્રણ કટ્ટરપંથી શખ્સોની ધરપકડ કરી લેવામા આવી છે. એટીએસના સુત્રોએ આજે આ મુજબની વાત કરી હતી. તેમની પ્રાથમિક પુછપરછ કરવામાં આવી રહી છે. તેમની પુછપરછ દરમિયાન જાણવા મળ્યું છે કે આ તમામ ત્રણેય શખ્સો પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન તહેરિકે તાલિબાન સાથે સંબંધ ધરાવે છે. એટીએસના અધિકારી સંજીવ સામીએ કહ્યું છે કે તેઓ મોટા રાજકીય નેતાને ટાર્ગેટ બનાવવા માંગતા હતા. આ અધિકારીએ નરેન્દ્ર મોદીના નામનો ઉલ્લેખ કર્યો નથી. પરંતુ તેમનો ઈશારો મોદી તરફ હતો. તેમણે ઉમેર્યું હતું કે આ શખ્સો તહેરિકે તાલિબાન પાકિસ્તાન જેવી મોડસ ઓપરેન્ડી અપનાવી રહ્યા હતા. સામીએ કહ્યું હતું કે ધરપકડ કરવામાં આવેલા સીમીની શખ્સોમાં પહેલી ઓક્ટોબરના દિવસે ખાંડવાની જેલને તોડીને ફરાર થયેલા સીમીના છ કુખ્યાત શખ્સો પૈકીના એક અબુ ફેસલનો સમાવેશ થાય છે. પોલીસ આ ધરપકડને મોટી સફળતા તરીકે ગણે છે. જ્યારે ઝડપાઈ ગયેલા અન્ય બે શખ્સો ખાલિદ અને નાગોરી જેલ તોડીને ફરાર થયેલા શખ્સોમાં સામેલ નથી. દરમિયાન મધ્યપ્રદેશ એટીએસે મહારાષ્ટ્રમાં તેમના સમકક્ષ સાથે કામ કરીને સીમીના અન્ય બે શખ્સોની સોલાપુરમાંથી ધરપકડ કરી છે. તેમની પાસેથી ત્રણ બોમ્બ, ૭૦ જેલેટિનની છડીઓ અને ૧૦૦ ડિટેનેટર્સનો જથ્થો પણ કબજે કરવામાં આવ્યો છે. તેમની ઓળખ કરી લેવામાં આવી છે. આ શખ્સો સાદિક, ઉમેર હાફીસ તરીકે કરવામાં આવી છે. તેમની પણ પુછપરછ હાથ ધરવામાં આવી છે બે જગ્યાએથી ઝડપાયેલા શખ્સો વચ્ચે સાંઠગાંઠ નથી.

# પીએનજી અને એલપીજી કનેક્શન એક સાથે મળશે

## લાખો લોકોને મોટી રાહત મળે તેવી શક્યતા : પાઈપ ગેસ કનેક્શન લેતા પૂર્વે લોકોને ગેસના સિલિન્ડર આપવા પડશે તે અંગેના પત્રને પરત ખેંચવા માટે તૈયારી

નવી દિલ્હી,તા. ૨૬

યુપીએ સરકાર હવે સામાન્ય લોકોને મોટી રાહત આપવા માટેની તૈયારીમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ટુંક સમયમાં સામાન્ય લોકો પીએનજી અને એલપીજી સબસીડીવાળા એલપીજી ગેસ કનેક્શન સરેન્ડર કરવા પડે છે. પેટ્રોલિયમ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે અમ ગ્રાહકોને પીએનજી અને એલપીજી બન્ને પ્રકારના કનેક્શન લેવા મંજૂરી આપી દીધી છે.



અલબાત્ત આવા ગ્રાહકોનો રાધંણ ગેસ સિલિન્ડર માટે માર્કેટ રેટની ચુકવણી કરવી પાડશ. મહાનગર ગેસ લિમિટેડ અને ઈન્દ્રપ્રસ્થ ગૅસ કનેક્સન સાથે સાથે રાખી શકશે. રાંધણ ગેસના ગ્રાહકોને પણ પોતાના રસોડામાં પાઈપ નેચરલ ગેસ કનેક્શન લેવામાં હવે કોઈ તકલીફ પડશે નહી. સરકાર પાઈપ ગેસ કનેક્શન લેત પહેલા ગેસ સિલિન્ડર સરેન્ડર કરવો પડે તેવી જોગવાઈ ધરાવતા પત્રને પરત ખેંચવાની તૈયારી કરી રહી છે. સરકારના આ નિર્ણયથી લોકોને મોટી રાહત થશે. ખાસ કરીને દિલ્હી અને મુંબઈમાં રહેતા લોકોને વધારે રાહત થશે. અહીં મકાન માલિકના પાઈપ નેચરલ ગેસ કનેક્શન લેવા પર ભાડુઆતોને પોતાના લિમીટેડના અધિકારીઓએ કહ્યું છે કે નિયમો મુજબ પીએનજી ગ્રાહકોને એલપીજી કનેક્શન રાખવાની મંજૂરી આપવામાં આવતી નથી. પીએનજી કનેક્સન દિલ્હીમાં ૨૨ લાખ લોકો પાસે છે. જ્યારે એલપીજી ગેસ કનેક્શન ધરાવતા લોકોની સંખ્યા ૧૪ કરોડની આસપાસ છ. મહાનગર ગેસ લિમીટેડની વેબસાઈટ પર કહેવામાં આવ્યું છે કે પીએનજી સપ્લાય શરૂ થવાના ૯૦ દિવસ પહેલા એલપીજી કનેક્શન સરેન્ડર નહી કરવાની સ્થિતીમાં પીએનજી સપ્લાય કનેક્શન ખતમ કરવા પડશે. આના માટે લેખિતમાં ખાતરી આપવી પડે છે.

# હવે ડિઝલની કિંમતમાં વધુ વધારો કરવા ઉગ્ર માંગણી

## પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા રજૂઆત કરાઈ : હાલ થયેલી વિધાનસભા ચૂંટણીમાં હાર છતાં ભાવ વધારો કરવાની તૈયારી : ગેસ તેમજ કેરોસીનના ભાવ વધી શકે

નવી દિલ્હી,તા. ૨૬

તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર છતાં યુપીએ સરકાર અગાઉ કરતા વધારે કિંમતમાં વધારો કરવાની તૈયારી કરી રહી છે. ટુંક સમયમાં અંતિમ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. બીજી બાજુ પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા પણ નવી સબસિડી વહેચણી વ્યવસ્થા પર કામ કરવામાં આવી રહ્યું છે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા ડિઝલની કિંમતમાં વધુ વધારો કરવા માટે કેબિનેટની નોંધ ટુંક સમયમાં તૈયાર કરવામાં આવનાર છે. જેના ભાગરૂપે વધુ વધારો કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે કિરિટ પારેખ સમિતી દ્વારા ડીઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચનો વધારો કરવાની ભલામણ કરી છે. જ્યારે આ સમિતીએ સ્થાનિક સિલિન્ડરની કિંમતમાં રૂપિયા ૨૫૦નો વધારો કરવાની માંગ કરી છે. ઉપરાંત આ સમિતીએ કેરોસીનની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ચારનો વધારો કરવાની માંગ કરી છે. ઓક્ટોબરના અંતે કિરિટ પારેખ સમિતીએ તેનો અહેવાલ સોંપ્યો હતો. મંત્રાલય દ્વારા અન્ય કેટલીક રજૂઆત કરવામાં આવે તેવી શક્યતા છે. પેટ્રોલિયમ મંત્રાલયના એક અધિકારીએ કહ્યું છે કે ભાવમાં વધારો કરવો જોઈએકે કેમ તે અંગે નિર્ણય કેબિનેટ દ્વારા કરવામાં આવશે. તાજેતરના સમયમાં પેટ્રોલિયમ બજારમાં ભારે ઉતારચઢાવની સ્થિતી જોવા મળી રહી છે. પ્રવર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઈને આવનાર દિવસોમાં કેટલાક કઠોર નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. જો કે બજાર પર હાલ ઓઈલ કંપનીઓની ચાંપતી નજર છે.

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીની મોજુ

## લેહમાં સૌથી વધુ ઠંડી માઈનસ ૧૪.૧ ડિગ્રી : વિશ્વપ્રસિદ્ધ સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ૭.૪ ડિગ્રી તાપમાન : પંજાબ, હરિયાણા, રાજસ્થાન ઠંડીના સકંજામાં

શ્રીનગર,તા.૨૬

ઉત્તરભારતમાં કાતિલ ઠંડીથી લોકોને કોઈ પણ રાહત મળી રહી નથી. ધૂમ્મસ અને તીવ્ર ઠંડીના લીધે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. ધૂમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. લોકો જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા છે. લડાખના લેહમાં તાપમાનમાં આઠ ડિગ્રીનો ઘટાડો થતા સિઝનમાં સૌથી ઓછુ તાપમાન નોંધાયુ છે. લેહમાં ગઈકાલે મોડી રાત્રે માઈનસ ૧૪.૧ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ જે બુધવારના દિવસે નોંધાયેલા માઈનસ ૬.૩ ડિગ્રીની સામે ખૂબ ઓછુ છે. હવામાન ખાતાએ કહ્યુ છેકે જમ્મુ કાશ્મીરના લોકોને હાલમાં તીવ્ર ઠંડીથી કોઈ રાહત મળશે નહીં. બીજી બાજુ વિશ્વપ્રસિદ્ધ સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચી રહ્યા છે. અહીં બરફની ચાદર છવાયેલી હોવા છતાં લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યોછે. ગુલમર્ગમાં માઈનસ ૭.૪ ડિગ્રી તાપમાન થયુ છે. બીજી બાજુ કારગીલમાં માઈનસ ૮.૯ તથા શ્રીનગરમાં ૦.૬ ડિગ્રી તાપમાન થયુ છે. ગુલમર્ગમાં ગઈકાલે રાત્રે માઈનસ ૯.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. જમ્મુ કાશ્મીરના અન્ય ભાગોમાં પણ આવી સ્થિતિ બનેલી છે. દરમિયાન હિમાચલ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશમાં પણ લોકો તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ધૂમ્મસના કારણે અકસ્માતો વધ્યા હોવાની ફરિયાદો પોલીસ સ્ટેશનમાં આવી રહી છે.

# બજારમાં તેજી : સેન્સેક્સમાં ૪૨ પોઈન્ટનો સુધારો નોંધાયો

## રજા બાદ સેન્સેક્સ ૨૧૦૭૫ની સપાટીએ : નિફ્ટી ૧૦ પોઈન્ટ ઉછળીને ૬૨૭૮ની સપાટીએ : મોટા ભાગના શેરમાં કારોબારના છેલ્લા કલાકોમાં લેવાલી જામી

મુંબઈ,તા. ૨૬

ક્રિસમસની રજા રહ્યાના એક દિવસ બાદ આજે શેરબજારમાં તેજી સાથે કારોબારની પૂર્ણાહૂતિ થઈ હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૪૨ પોઈન્ટ ઉછળીને ૨૧૦૭૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૦ પોઈન્ટ ઉછળીને ૬૨૭૮ની સપાટીએ રહ્યો હતો. એચડીએફસી બેંક, ઈન્પોસિસ, ઓએનજીસી જેવા શેરોમાં કારોબારના છેલ્લા કલાકોમાં લેવાલી રહી હતી. જેના લીધે ઈન્ડેક્સ ઉંચી સપાટીએ રહ્યો હતો. સમગ્ર દિવસ દરમિયાન બજારમાં ઉથલપાથલની સ્થિતિ રહી હતી. ઈન્ટ્રાડે દરમિયાન નિફ્ટી એક વખતે ૬૨૭૦ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. દરમિયાનમાં બ્રોડર માર્કેટમાં સ્થિર સ્થિતિ રહી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં એક ટકા અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો રિયાલીટી, ઓટો, હેલ્થકેરમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. આ તમામમાં ૦.૧-૦.૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. પાવર ઈન્ડેક્સમાં એક ટકાનો જ્યારે કન્ઝુમર ડ્યુરેબલ, બેકેક્સ, મેટલ, આઈટી ઈન્ડેક્સમાં ૦.૩-૦.૯ ટકાનો સુધારો રહ્યો હતો. તાતા પાવરમાં ચાર ટકાનો ઉછાળો રહ્યો હતો જે દિવસ દરમિયાન સેન્સેક્સમાં સૌથી ઉંચો ઉછાળો હતો. ઓએનજીસી અને ગેઈલ ઈન્ડિયામાં પણ ૨.૩ ટકા-૦.૬ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. એચડીએફસી બેંક, એક્સીસ બેંકમાં તેજી રહી હતી. આઈટી હેવી વેટ ઈન્ફોસિસ અને વિપ્રોમાં ૧.૪ ટકા અને ૦.૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. ફાર્માના શેરમાં નજીવો ઘટાડો રહ્યો હતો. આજે માર્કેટ બ્રિડથ હકારાત્મક રહી હતી. ૧૬૨૯ શેરમાં તેજી અને ૯૦૨ શેરમાં મંદી રહી હતી. એશિયન બજારમાં તેજીનો માહોલ રહ્યો હતો. નિક્કીમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો જે નવેમ્બર ૨૦૦૭ બાદથી ૧૬૧૭૪ની સૌથી ઉંચી સપાટી છે.

# ગુજરાત જાસુસી કાંડમાં તપાસ માટે કેબિનેટની આખરે મંજુરી

## ભારે ચર્ચા બાદ સમગ્ર મામલામાં તપાસપંચની રચનાને મંજુરી મળી : તપાસ પંચ ત્રણ મહિનામાં અહેવાલ સોંપશે: કેબિનેટ બેઠકમાં અન્ય નિર્ણયોને મંજુરી

નવી દિલ્હી,તા. ૨૬

કેન્દ્રિય કેબિનેટે ગુજરાતના ચર્ચાસ્પદ જાસુસી કૌભાંડમાં તપાસ કરવા આજે લીલીઝંડી આપી દીધી હતી. કેન્દ્રિય કેબિનેટે અન્ય કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયોને લીલીઝંડી આપી હતી જેમાં સૂચિત જ્યુડિશિયલ એપોઆન્ટમેન્ટ્સ કમિશનને બંધારણીય દરજ્જો આપવા, એમટીએનએલના કર્મચારીઓ માટેની પેન્શનની દરખાસ્તને પણ લીલીઝંડી આપવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ ગુજરાતના જાસુસી કાંડમાં તપાસ પંચની રચનાને મંજુરી આપીને કેન્દ્ર સરકારે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામ નવી મુશ્કેલી ઉભી કરી દીધી છે. કેન્દ્રિય કેબિનેટે ગુજરાતમાં એક યુવતિની જાસુસીના મામલામાં પંચની રચના કરવાને લીલીઝંડી આપી હતી. ઈન્વેસ્ટીગેશન વેબસાઈટ કોબરા પોસ્ટ અને ગુલેલ ડોટકોમ દ્વારા ખુલાસો કરવામાં આવ્યા બાદ ભારે ચકચાર મચી ગઈ હતી. આમાં જણાવવામાં આવ્યુ હતુ કે સાહેબના આદેશ પર ગુજરાતના તત્કાલિન ગૃહપ્રધાન અમિત શાહે ગુજરાતમાં એક મહિલાની જાસુસી કરાવી હતી. કેન્દ્રિય ગૃહમંત્રાલયે આ મામલાની ચકાસણી સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજથી કરાવવાને લઈને પહેલાથી જ એક નોંધ તૈયાર કરી લીધી છે જેને મંજુરી માટે કેન્દ્રિય કેબિનેટ સમક્ષ રજુ કરવામાં આવી હતી. જેને આજે મંજુરી આપી દેવામાં આવી હતી. સુત્રોના જણાવ્યા મુજબ તપાસ પંચ રચવાનો આદેશ કરવામાં આવ્યો છે. ચકાસણી પૂર્ણ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છેકે સાહેબના ઈશારે યુવતિની જાસુસીના આરોપ બાદ કોંગ્રેસે મોદીની સામે આક્ષેપોનો દોર શરૂ કર્યો હતો. કોંગ્રેસના નેતાઓનું કહેવુંછે કે અમિત શાહના સાહેબ તરીકે નરેન્દ્રમોદી હતી અને મોદીએ જ યુવતિની ચકાસણી કરાવી હતી. ત્યારબાદ ભાજપે સ્પષ્ટતા કરતા કહ્યુ હતુ કેયુવતિના પિતાના કહેવા પર જાસુસી કરવામાં આવી હતી. મોડેથી મિડિયામાં એવા અહેવાલ આવ્યા હતા કે યુવતિના પરિવારના સભ્યોની પણ જાસુસી કરવામાં આવી હતી. કોબરા પોસ્ટ અને ગુલેલ ડોટકોમના અહેવાલ બાદ રાજકીય ગરમી જામી હતી. કેટલીક મહિલા સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સમક્ષ રજુઆત કરવામાં આવ્યા બાદ કમિશન ઓફ ઈન્કવાયરીએક્ટ ૧૯૫૨ની કલમ ત્રણ હેઠળ કેન્દ્ર સરકારે તપાસનો આદેશ કર્યો છે. સાહેબના આદેશ હેઠળ અમિત શાહ દ્વારા મહિલાની જાસુસીને લઈને હાલમાં ભારે હોબાળો હતો. અલબત્ત સાહેબની ઓળખ જાહેર થઈ નથી. અમિત શાહ અને સસ્પેન્ડ કરવામાં આવેલા ગુજરાત પોલીસ અધિકારી જીએલ સિંઘલ વચ્ચે ફોન પર વાતચીતના આધાર પર કોઈ સ્પષ્ટતા થઈ નથી. પોર્ટલ દ્વારા જાસુસીનો મામલો સપાટી પર લાવ્યા બાદ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે શાબ્દિક યુદ્ધનો દોર શરૂ થયો હતો. હાલમાં ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન પણ આ જ મુદ્દો છવાયેલો રહ્યો હતો. દરમિયાન કેબિનેટે આજે કેટલાક સુધારાઓને મંજુરી આપી હતી જેમાં જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશનનો બંધારણીય દરજ્જાને લીલીઝંડીનો સમાવેશ થાય છે. કેબિનેટની બેઠકમાં જુદા જુદા પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# તહેલકા કેસ : બંધ બારણે સુનાવણીની ઉગ્ર રજુઆત

પણજી,તા. ૨૬

તહેલકાના સ્થાપક એડિટર તરૂણ તેજપાલે આજે તેમની જામીન અરજીની સુનાવણી બંધ બારણે કરવાની માંગ કરીને સ્થાનિક કોર્ટ સમક્ષ અરજી દાખલ કરી હતી. તરૂણ તેજપાલ પર મહિલા પત્રકાર સાથે જાતિય શોષણ કરવાનો આક્ષેપ થયેલો છે. તેજપાલના વકીલે ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં બંધ બારણે સુનાવણી માટે અરજી કરી હતી જ્યારે આ કેસ હાથ ધરવામાં આવે ત્યારે બંધ બારણે સુનાવણી કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી. કોર્ટ તેમની અરજી પર આવતીકાલે ફેંસલો કરનાર છે. અદાલત તરૂણ તેજપાલની જામીન અરજી પર પણ સુનાવણી ચલાવનાર છે. પણજીમાં એક હોટલ ખાતે પૂર્વ જુનિયર મહિલા સાથી સાથે જાતિય શોષણ કરવાનો ૫૦ વર્ષીય તેજપાલ પર આક્ષેપ છે. ૩૦મી નવેમ્બરના દિવસે ગોવા પોલીસ દ્વારા તરૂણ તેજપાલની ધરપકડ કરવામાં આવી હતી. તેજપાલ સામે આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કરાયો છે.

## જીવન છે... તો (ચોથા પાનાનું ચાલુ...)

માણસને ઘડે છે, એને જીવનનો દિશાબોધ કરે છે.

મારી જ વાત કરૂં તો... મને ગુજરાતી વ્યાકરણ શીખવાનો ચસકો લાગ્યો અને માતૃભાષાનું શુદ્ધિકરણ અને સંવર્ધન મારૂં જીવનસૂત્ર બન્યું. વાચનની ભૂખ એવી ઊઘડી કે અત્યાર સુધીના જીવનકાળમાં હજારો પુસ્તકો વાંચ્યા... અને તેથી 'વાંચે ગુજરાત'નું કામ કરવાની તક મને સાંપડી... હજારો, લાખો લોકોને વાંચતા કરવામાં નિમિત્તરૂપ બન્યો.

આ બધાના મૂળમાં કોઇ ને કોઇ શોખ, જિદ કે ચસકો કારણભૂત હોય છે. બધા આવી અનૂભૂતિ કરતા જ હશે.

તો ચાલો, શુદ્ધ અને સાત્ત્વિક શોખ વિકસાવીએ અને જીવનને ઉન્નત બનાવીએ.

## કોફી હાઉસ (ચોથા પાનાનું ચાલું...)

અફસરોની આખી ફોજને આવનારી નવી સરકારનો કોઈ અનુભવ કે અનુમાન નથી. મહત્વપૂર્ણ અધિકારીઓ ડેપ્યુટેશન પર કેન્દ્રમાં જઇ રહ્યા હોવાના સમાચાર આવી રહ્યા છે. સરકારની અસ્થિરતા અને ભ્રષ્ટાચાર વિરુદ્ધની પ્રતિબદ્ધતા અધિકારીઓમાં એક અસુરક્ષા અને ભયનો માહોલ પેદા કરી રહી છે એક એવું પૂર્વ-અનુમાન લગાવવું કઠીન નથી. દિલ્હી માં વી.આઈ.પી. કલ્ચર ખત્મ કરવા માંગતી પાર્ટીના રસ્તામાં ફાઈલોનો મોટો પહાડ ઉભો છે.

વેલ...આપ અને અરવિંદ માટે . ..યે ઈશ્ક નહિ આસાન...આગ કા દરિયા હે ઓર ડૂબ કે જાના હૈ!

અઘરી પરીક્ષા વખતે એક દોસ્તાર ને કહીએ ને એમ કહી દઈએ...

બેસ્ટ ઓફ લક અરવિંદ ...બેસ્ટ ઓફ લક!

-ch9723367947@yahoo.com

## સમાચાર ઝલક

- ગુજરાત હેન્ડીક્રાફ્ટની ચીજોનું વિદેશમાં વેચાણ કરાશે.
- સીબીઆઇના અધિકારો અને સ્વતંત્રતામાં વધારો, કાયદા મંત્રાલયમાંથી મુક્ત.
- મહેસાણાનો એન્જીનીયરીગમાં અભ્યાસ કરતો યુવાન કડી નજીક નર્મદા કેનાલમાં ડૂબ્યો.
- કલોલની અલકાપુરી સોસાયટીમાં ૧૨ લાખની ચોરી.
- નાતાલના મીની વેકેશનમાં ગુજરાતમાં ડાકોર, અંબાજી, પાવાગઢ, દ્વારકામાં સહેલાણીઓ ઉમટ્યા.
- હૈદરાબાદમાં આગના ત્રણ બનાવો.
- ભુજમાં કોલેજનાં આચાર્યએ મહિલા પ્રધ્યાપકની જાતીય સતામણી કરી.
- પાકિસ્તાની અભિનેત્રી વીણા મલિકે દુબઇમાં લગ્ન કર્યા.
- સોલાના પી.એસ.આઇ.ને બેદરકારી બદલ સસ્પેન્ડ કરાયા.
- ગોવાના મુખ્ય પ્રધાન મનોહર પારીકરના પુત્રનાં લગ્નમાં મોદી સહિદ અનેક મહાનુભાવો હાજર રહ્યા.
- બાંગ્લાદેશમાં ચૂંટણી સ્થગિત કરવાથી વિપક્ષનું આંદોલન હિંસામાં ફેરવાયું.
- વલસાડમાં બાલાજી કંપનીના કર્મચારીઓની હડતાળ ૧૪માં દિવસમાં પ્રવેશી.
- યુરિયા ખાતરની અછતથી ખેડૂતોએ ઇડર હાઇવે પર ચક્કાજામ કર્યો.
- ફિલ્મ અભિનેતા સંજયદત્તના ઘર સામે પેરોલ પર છૂટવા બદલ લોકોએ દેખાવો કર્યા.
- જમ્મુમાં બોંબ ધડાકામાં એક વ્યક્તિનો મોત.
- દિલ્હી પોલીસની કસ્ટડીમાંથી ગેંગસ્ટર ફરાર.
- હૈદરાબાદમાં રબર ફેકટરીમાં આગથી ૪ વ્યક્તિઓનાં મોત.
- ભગવાન વેંકટેશ્વરની ઘડિયાળ બહાર પડાઇ.